
# કેજરીવાલનો વધુ એક ધડાકો

નવી દિલ્હી,તા. ૯

ઈન્ડિયા અગેઈન્સ્ટ કરપ્શન(આઈએસી)ના કાર્યકર અરવિંદ કેજરીવાલે પોતાના ખુલાસાનો સિલસિલો જારી રાખીને આજે ચોથો મોટો ખુલાસો કરીને યુપીએ સરકારને જોરદારરીતે હચમચાવી મૂકી હતી. કેજરીવાલે ભારત સરકાર પર સ્વીસ બેંકમાં જમા કાળાનાણાંના મામલે કોઈ કાર્યવાહી નહીં કરવા અને જે લોકોના પૈસા બેંકમાં જમા છે તેમને બચાવવાનો ભારત સરકાર પર સીધો આક્ષેપ કર્યો હતો. કેજરીવાલે સ્વીસ બેંકના મામલે ભારત સરકારનું ઉદાસીન વલણનું પણ જોરદાર ઝાટકણી કાઢી હતી અને કહ્યુ હતુ કે મનમોહનસિંહ સરકાર ભારતના અર્થતંત્ર માટે ખતરનાક છે. અરવિંદ કેજરીવાલે આજે ધારણા પ્રમાણે જ પત્રકાર પરિષદ યોજીને સ્વીસ બેંકમાં કાળાનાણાં ધરાવનાર ખાતેદારોના નામનો ખુલાસો કર્યો હતો. કેજરીવાલે સ્વીસ બેંક ખાતેદારોની વિગતવાર માહિતી આપી હતી જેમાં ટોચના કોર્પોરેટ હસ્તીઓનો પણ સમાવેશ થાય છે.

આઈએસીના કાર્યકરે કહ્યુ હતુ કે સરકાર જીનેવામાં એચએસબીસી બેંકમાં ૭૦૦ સ્વીસબેંક ખાતેદારોની વિગત ધરાવે છે. તેમણે ઉમેર્યુ હતુ કે જીનેવામાં એચએસબીસી બેંકમાં ૧૦ ખાતા ધારકોની યાદી પર તેમની માહિતી આધારિત છે જે માહિતી કોંગ્રેસના એક વરિષ્ઠ નેતા દ્વારા જ તેમને ઉપલબ્ધ કરાવવામાં આવી છે. ઈન્ડિયા અગેઈન્સ્ટ કરપ્શન સંસ્થાની તેમની ટીમ દ્વારા કોંગ્રેસના એક વરિષ્ઠ નેતા દ્વારા જે યાદી અને માહિતી આપવામાં આવી હતી તેમાં ચકાસણી કરવામાં આવી હતી. કેજરીવાલે કહ્યુ હતુ કે તેમની પાસે એક સીડી છે જે મુજબ એચએસબીસીની જીનેવા બ્રાન્ચમાં ભારતીય નાગરિકોના ૭૦૦ બેંક ખાતાઓ છે. સરકાર પાસે પણ ડિસેમ્બર ૨૦૦૬માં આ ખાતાઓમાં રહેલી રકમ અંગે પૂરતી માહિતી છે. તેમણે દાવો કર્યો હતો કે સરકાર આ તમામ માહિતીને છુપાવવાનો પ્રયાસ કરી રહી છે. કેજરીવાલે ધડાકો કર્યો હતો કે મુકેશ અંબાણી, અનિલ અંબાણી, નરેશ ગોયલ સહિત ઘણી



એવી હસ્તીઓ છે. કેજરીવાલે આક્ષેપોનો મારો જારી રાખ્યો હતો. તેમણે ઉમેર્યુહતુ કે જુલાઈ ૨૦૧૧માં ભારત સરકારને ૭૦૦ લોકોની યાદી મળી હતી. કેજરીવાલે સાફ શબ્દોમાં કહ્યુ હતુ કે તેઓ એક પછી એક ખુલાસો કરી રહ્યા છે. ભાજપ અને કોંગ્રેસ દ્વારા મળીને એટલા બધા કૌભાંડ કરવામાં આવ્યા છે કે દરરોજ મંડી લગાવવામાં આવેતો પણ ઓછી પડશે. કેજરીવાલે ઉમેર્યુ હતુ કે વર્તમાન સીબીઆઈના ડિરેક્ટરે એક વખત કહ્યુ હતુ કે ભારતીયોના ૫૦૦ અબજ ડોલર અથવા તો ૨૫ લાખ કરોડ રૂપિયાથી વધુની કાળા નાંણાની રકમ વિદેશી બેંકોમાં છે. આમાથી મોટાભાગની રકમ સ્વીસ બેંકમાં જમા છે. તેમના કહેવા મુજબ જુલાઈ ૨૦૧૧માં ફ્રાન્સની સરકારથી ભારત સરકારને એક સીડી મળી હતી જેમાં માહિતી આપવામાં આવી હતી. અમને કેટલાક લોકોના નામની યાદી મળી છે. બાકીના લોકોના નામની યાદી મળી નથી. ૨૮મી જુલાઈ ૨૦૧૧ના દિવસે દિલ્હીમાં ત્રણ લોકો પર દરોડા પાડવામાં આવ્યા હતા. કેજરીવાલે સ્ટેટમેન્ટ જારી કરીને કહ્યુ હતુ કે હવાલા મારફતે કાળાનાણાંનો કારોબાર થાય છે. કેજરીવાલ દ્વારા લિસ્ટમાં રહેલા કેટલાક નામો અને તેમની રકમ અંગે વાત કરી હતી. કેજરીવાલ મુજબ મુકેશ અંબાણીના ૧૦૦ કરોડ અનિલ અંબાણીના ૧૦૦ કરોડ, મોટેક્સ સોફ્ટવેર પ્રાઈવેટ લિમિટેડના ૨૧૦૦ કરોડ રૂપિયા જમા છે. આવી જ રીતે સંદીપ ટંડનના ૧૨૫ કરોડ, અનુ ટંડનના ૧૨૫ કરોડની રકમ છે. કેજરીવાલનું કહેવું છે કે તેમની પાસે તમામ નામો આવ્યા નથી પરંતુ જે નામ આવ્યા તે ખુબ મોટા છે. અમારા સોર્સનું કહેવું છે કે મુકેશ અંબાણી નાણાં મંત્રાલયમાં આવ્યા હતા એવખતે ૭૦૦ સ્વીસ બેંક ખાતાધારકોની યાદી ભારતને આપવામાં આવી હતી. મુકેશ અંબાણીએ નાણાંમંત્રાલયને અમ કહ્યુ હતુ કે અમે ટેક્સ ચુકવવા માટે તૈયાર છીએ પરંતુ દરોડા પડવા જોઈએ નહીં.

## ધનતેરસના દિવસે સોનાની કિંમતમાં ૨૦ ટકાનો વધારો

નવી દિલ્હી,તા. ૯

સોનાની કિંમતમાં ધનતેરસના દિવસે આશરે ૨૦ ટકાનો વધારો થવાના સંકેત દેખાઈ રહ્યા છે. ધનતેરસ પહેલા જ સોનાચાંદી બજારમાં તેજી આવી ગઈ છે. રવિવારના દિવસે ધનતેરસની ઉજવણી કરવામાં આવનાર છે. ધનતેરસને કિંમતી ચીજવસ્તુઓ ખાસ કરીને સોના અને ચાંદીની ખરીદી માટે શુભ દિવસ તરીકે ગણવામાં આવે છે. બુલિયન કારોબારીઓએ આજે આ મુજબની માહિતી આપી હતી. કારોબારીઓને અપેક્ષા છે કે ઉંચી કિંમતોના કારણે વેચાણને ગયા વર્ષે ધનતેરસના વેચાણની સરખામણીમાં અસર થઈ શકે છે. વેચાણમાં ચોક્કસપણે અસર થઈ શકે છે. ગીતાંજલી અને પીપી જ્વેલર્સ જેવા મોટા જ્વેલર્સ ધનતેરસના દિવસે વેચાણમાં ૧૦ ટકાનો વધારો થવાની અપેક્ષા રાખી રહ્યા છે. સોનાની કિંમત આજે દિલ્હી કારોબારમાં મજબુત વૈશ્વિક પરિબળ વચ્ચે ૨૭૦ રૂપિયા વધી હતી જેથી કિંમત વધીને



૩૨૦૪૦ સુધી પહોંચી હતી.

ચાંદનીચોક જ્વેલર્સ એસોશિએસનના સુરિન્દર જૈને કહ્યુ છે કે સ્થાનિક કિંમતોમાં આગામી મહિનાઓમાં વધારો થઈ શકે છે અને સોનાની કિંમત ૩૫૦૦૦ સુધી પહોંચી શકે છે. ઓલ ઈન્ડિયા સરાફા એસોશિએસનના ઉપપ્રમુખ તરીકે પણ સુરિન્દર જૈન કામ કરી રહ્યા છે. મુંબઈ બુલિયન એસોશિએસનના પ્રમુખ પૃથ્વિરાજ કોઠારીએ કહ્યુ છે કે ધનતેરસના દિવસે સોનાની કિમત પ્રતિદસ ગ્રામ ૩૨૫૦૦ સુધી રહી શકે છે. સોનામાં ફરી એકવાર મૂડીરોકાણ પણ વધી શકે છે. ટૂંકા ગાળામાં સોનાની કિંમતો ઘટી પણ શકે છે. તેમ માનનાર પણ કેટલાક લોકો છે. ગીતાંજલી ગ્રુપના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર મેહુલ ચોકસીએ કહ્યુ છે કે ઉંચી કિમતો ભારતી ગ્રાહકોને અસર કરશે નહીં. વેચાણમાં ૧૦ ટકાનો વધારો થઈ શકે છે. પીપી જ્વેલર્સના ડિરેક્ટર પવન ગુપ્તાએ પણ વેચાણના મામલે આવો જ અભિપ્રાય વ્યક્ત કર્યો છે. તેમનું કહેવું છે કે રવિવારનો દિવસ ખુબજ શુભ છે. લોકો આ દિવસે મોટાપાયે સોના ચાંદીની ખરીદી કરે છે.

## શિંદે નિશાને પાકિસ્તાનના હક્કદાર છે : બાલ ઠાકરે

નવી દિલ્હી,તા. ૯

ભારત અને પાકિસ્તાન વચ્ચેની ક્રિકેટ શ્રેણી દરમિયાન પાકિસ્તાની ટીમને સર્વશ્રેષ્ઠ સુરક્ષા ઉપલબ્ધ કરાવવાનું વચન આપવા બદલ કેન્દ્રિય ગૃહપ્રધાન સુશીલકુમાર શિંદેની જોરદાર ઝાટકણી કાઢતા શિવસેના વડા બાલ ઠાકરેએ આજે જણાવ્યું હતુ કે શિંદે નિશાને પાકિસ્તાન મેળવવા માટે લાયક છે. નિશાને પાકિસ્તાનથી તેમનું સન્માન થવું જોઈએ. મેચોમાં ખલેલ પહોંચાડવાની ધમકી આપી ચૂકેલા બાલ ઠાકરેએ કહ્યુ હતુ કે પ્રવાસ સામે તેમની નારાજગી રાષ્ટ્રવાદના કારણે છે. કોઈ રાજકીય કારણોસર નથી. તેમણે ભારતીય ક્રિકેટ ટીમને પણ ટાર્ગેટ બનાવીને કહ્યુ હતુ કે ક્રિકેટરોના નામે સભ્યો બિઝનેસમેન બની ગયા છે. પક્ષના મુખપત્ર સામનામાં તંત્રી લેખ લખતા બાલ ઠાકરેએ આજે આ મુજબની વાત કરી હતી. તેમણે કહ્યુ હતુ કે જો વિદેશી કલાકારો અને ખેલાડીઓને સુરક્ષાની અમારી જવાબદારી છે તો ભારતીય નાગરિકોની સુરક્ષાની જવાબદારી કોની છે. પાકિસ્તાની આતંકવાદીઓ તરફથી સતત ખતરો ભારતીય નાગરિકો પર તોળાઈ રહ્યો છે. કસાબ, અફઝલ ગુરુ, જુંડાલની આતંકવાદી હુમલાની કલામાં કુશળતા છે તેવી વાત કરતા ઠાકરેએ કહ્યુ હતુ કે ખાસ રક્ષણ હેઠળ અમારા દ્વારા આ લોકોને જીવીત રાખવામાં આવ્યા છે. આવી સ્થિતિને નિશાને પાકિસ્તાનથી સન્માન થવું જોઈએ. અત્રે ઉલ્લેખનિય છે કે નિશાને પાકિસ્તાન પાકિસ્તાનમાં સર્વોચ્ચ નાગરિક સન્માન તરીકે છે. તેઓએ એમ પણ કહ્યુ હતુ કે કોઈ પણ ભારતીય ક્રિકેટરે પ્રવાસનો વિરોધ કર્યો નથી. આ રમત નાણાંની રમત બની ગઈ છે. આતંકવાદી હુમલામાં નિર્દોષ લોકો અને સૈનિકો મરી રહ્યા છે પરંતુ બિઝનેસમેન તેમની રમત રમી રહ્યા છે.

## નીતિન ગડકરીના પૂર્તિ ગ્રૂપની મોટાભાગની કંપનીઓ અને તેના સરનામા બોગસ

મુંબઈ,તા. ૯

ભાજપના પ્રમુખ નીતિન ગડકરી ઉપર સકંજો દિનપ્રતિદિન મજબૂત બની રહ્યો છે. ઈન્કમટેક્સ વિભાગ દ્વારા સમગ્ર મામલામાં તપાસ હાથ ધરવામાં આવી છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે નીતિન ગડકરીના પૂર્તિ ગ્રૂપની મોટાભાગની કંપનીઓ અને તેના સરનામા બોગસ છે. ઈન્કમટેક્સે તાજેતરમાં જ પૂર્તિની કંપનીઓના સરનામા ઉપર દરોડા પાડ્યા હતા પરંતુ મોટાભાગની કંપનીઓ માત્ર



કાગળ ઉપર જ જોવા મળી છે. મુંબઈના ઈન્કમટેક્સ વિભાગના અધિકારીઓએ પોતાનો પ્રથમ અહેવાલ નાગપુર અને કોલકાતાના અધિકારીઓની સાથે વહેંચી દીધો છે. નાગપુર પૂર્તિ ગ્રૂપના હેડ ક્વાર્ટર તરીકે છે. જ્યારે કોલકાતામાં પણ કેટલીક કંપનીઓ હોવાનું જાણવા મળ્યું છે. રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે પૂર્તિના પોતાની ભાગીદાર કંપનીઓ સાથે લેવડ દેવડનો કોઈ પ્રશ્ન જ નથી. કારણ કે કોઈ રેકોર્ડ પણ મળ્યા નથી. એક તપાસ અધિકારીએ નામ ન આપવાની શરતે કહ્યું છે કે આ કંપનીઓને જે સરનામા આપવામાં આવ્યા છે તે સરનામાને ચકાસણી માટે લેવામાં આવ્યા હતા પરંતુ આ જગ્યાઓ ઉપર કોઈપણ ચીજવસ્તુ મળી નથી. કોઈ રેકોર્ડ પણ હાથ લાગ્યા નથી. ગડકરીની મુશ્કેલી આના કારણે વધી ગઈ છે. અધિકારીઓએ કહ્યું છે કે હવે તેઓ પૂર્તિના ઈન્વેસ્ટર હોવાનો દાવો કરનાર આ કંપનીઓમાં આવનાર રકમની ચકાસણી કરી રહી છે. નાગપુર અને કોલકાતામાં હજુ પણ તપાસ ચાલી રહી છે. અંતિમ રિપોર્ટના આધાર ઉપર જ જાણવા મળશે કે તપાસ કઈ દિશામાં આગળ વધશે. પૂર્તિ પાવર એન્ડ સુગર લિમિટેડ સાથે સંકળાયેલી પાંચ કંપનીઓના સરનામા મુંબઈના અંધેરીથી થાણેમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. આની માહિતી રજિસ્ટ્રારને આપવામાં આવી હતી. અગાઉ આના સરનામા મુંબઈની ચાલીમાં હતા. પરંતુ થાણેમાં ગોડાઉનોમાં કંપનીઓની ઓફિસ ચાલી રહી હતી. અધિકારીઓનું કહેવુંછે કે માત્ર કહેવા માટે જ ઓફિસો છે. ત્યાં કોઈપણ પ્રક્રિયા ચાલી રહી નથી. ઈન્કમટેક્સ વિભાગના આ દાવા બાદ ગડકરીની મુશ્કેલી વધી શકે છે.

## ઈન્ડોનેશિયામાં વિનાશકારી પૂર

જાકાર્તા,તા. ૯

ઈન્ડોનેશિયાના સુલાવેસી આઈલેન્ડમાં કુદરતના પ્રકોપના કારણે લોકોની હાલત કફોડી બનેલી છે. સુલાવેસીમાં અતિ ભારે વરસાદના કારણે ભીષણ પૂરની સ્થિતિ સર્જાઈ ગઈ છે.

ભેખળો ધસી પડવાના કારણે ઓછામાં ઓછા ૧૦ લોકોના મોત થયા છે જ્યારે અન્ય ૨૦ લોકો લાપત્તા થયા છે. બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી છે. સ્થાનિક પોલીસ અધિકારી કેપ્ટન યુસલિમ યુનુસે કહ્યું છે કે મમાસા જિલ્લાના બાટા નગુરુમાં ભેખળો ધસી પડવાના કારણે નદીમાં માર્ગ રોકાઈ ગયો છે જેના કારણે બંધ તૂટી પડતાં અફડા તફડી મચી ગઈ છે. લોકોના ઘરોમાં પાણી ઘૂસી ગયા છે. ગુરુવારે મોડી રાત સુધી ૧૦ લોકોના મૃતદેહ મળી આવ્યા હતા. અન્ય ૨૦થી વધુ લોકો લાપત્તા હોવાનું જાણવા મળી રહ્યું છે જેથી મોતનો આંકડો વધે તેવી શક્યતા છે. બચાવ ટીમ સતત લાપત્તા લોકોની શોધખોળમાં લાગેલી છે.

સતત ભારે વરસાદના કારણે જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત થઈ ગયું છે. લોકોને ઘરમાં રહેવાની ફરજ પડી રહી છે. ઈન્ડોનેશિયામાં વારંવાર કુદરતી પ્રકોપ જોવા મળે છે. ઈન્ડોનેશિયાના અન્ય વિસ્તારોમાં હાલમાં પૂરની સ્થિતિ જોવા મળી રહી છે. ઈન્ડોનેશિયાને વિશ્વના સૌથી વધુ ભૂકંપ પ્રભાવિત વિસ્તાર પૈકીના એક તરીકે પણ ગણવામાં આવે છે. વારંવાર અહીં વિનાશકારી ભૂકંપ આવે છે. પ્રચંડ ભૂકંપ અને ત્યારબાદ સુનામીના કારણે થોડાક વર્ષ પહેલા ઈન્ડોનેશિયામાં લાખો લોકોના મોત થઈ ગયા હતા. આની અસર ૧૨થી વધુ દેશોમાં જોવા મળી હતી અને આ દેશોમાં મોટી સંખ્યામાં લોકોના મોત થયા હતા. હવે ફરી એકવાર કુદરતી પ્રકોપ જારી છે. પૂરની સ્થિતિને પહોંચી વળવા તમામ પ્રયાસો ચાલી રહ્યા છે. લોકોને સુરક્ષિત સ્થળોએ પણ ખસેડાયા છે.

### સુરજકુંડમાં કોંગ્રેસની સંવાદ બેઠકમાં ચર્ચા

## બાકી રહેલા વચનો સરકારે ઝડપથી પૂરા કરવા જોઈએ

સુરજકુંડ,તા. ૯

કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ વર્ષ ૨૦૦૯માં ચૂંટણી ઢંઢેરામાં આપવામાં આવેલા વચનોને પરિપૂર્ણ કરવા સખત પરિશ્રમ કરવા વડાપ્રધાન મનમોહનસિંહના નેતૃત્વમાં યુપીએ સરકારનો અપીલ કરી હતી. સુરજકુંડમાં યોજાઈ રહેલી પક્ષની સંવાદ બેઠકમાં કેન્દ્રિય નેતાઓ અને પક્ષના કાર્યકરોને સંબોધતા સોનિયા ગાંધીએ કહ્યુ હતુ કે હજુ સુધી પૂરા નહીં થયેલા વચનોને પાળવામાં આવે તે જરૂરી છે.

તેમણે એમ પણ કહ્યુ હતુ કે પક્ષ અને સરકારની વચ્ચે સંતુલન ખુબ જરૂરી છે. કોંગ્રેસ પાર્ટી દ્વારા વર્ષ ૨૦૧૪માં યોજાનારી સામાન્ય ચૂંટણી માટેની તૈયારી હાથ ધરવામાં આવી છે. આગામી દિવસોમાં કોંગ્રેસ વધુ નક્કરરીતે આગળ વધે તેવી શક્યતા છે. સોનિયા ગાંધીએ ભારપૂર્વક કહ્યુ હતુ કે સરકાર અને પક્ષ વચ્ચે મંત્રણા ખુબજ જરૂરી છે. બંને વચ્ચે સંતુલન અતિજરૂરી છે. વિરોધી લોકો કોઈ પણ કિંમતે સત્તા હાંસલ કરવા મક્કમ બની ગયા છે.

સોનિયા ગાંધીએ કબૂલાત કરી હતી કે આર્થિક મંદીના કારણે સરકારને કેટલાક એવા નિર્ણયો કરવા પડ્યા છે જેના કારણે ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો છે. સામાન્ય લોકોને પણ તકલીફ થઈ છે. આજ કારણસર બાકી રહી ગયેલા વચનોને હવે પરિપૂર્ણ કરવામાં આવે તે જરૂરી છે. લોકોની તકલીફોને સમજવાની જરૂર છે. સરકારને કેટલાક નિર્ણયોથી સામાન્ય લોકોને ખૂબ તકલીફ થઈ છે. કોંગ્રેસ પ્રમુખે એમ પણ કહ્યુ હતુ કે પાર્ટીના લોકો તેમની મજબુરી સમજવી જોઈએ. ક્યારેક ક્યારેક એવા પ્રસંગો આવ્યા છે જ્યારે પાર્ટી અને સરકાર બંનેની જવાબદારી અદા કરવામાં સંતુલન જાળવવા આડે તકલીફ ઉભી થઈ છે. પક્ષના કાર્યકરોની વાત સાંભળવામાં આવે તેવી ખાતરી કરવામાં પ્રધાનોએ પ્રયાસ કરવો જોઈએ. તેમની ચિંતા તરફ ધ્યાન આપવું જોઈએ. વિરોધ પક્ષની ઝાટકણી કાઢતા ગાંધીએ કહ્યુ હતુ કે રાજકીય સ્તરે ભ્રમની સ્થિતિ ઉભી કરવામાં આવી રહી છે જેથી પક્ષના સ્તરે કાર્યકરોની વાતો સાંભળવામાં આવે તે જરૂરી છે. અત્રે નોંધનિય છે કે આગામી લોકસભાની ચૂંટણીની રણનીતિ નક્કી કરવાના પ્રયાસ હેઠળ કોંગ્રેસના ટોચના નેતાઓ આ બેઠકમાં એકત્રિત થયા છે. આ ગાળા દરમિયાન રાજકીય અને આર્થિક મુદ્દા પર ચર્ચા થઈ હતી.

## રામ અંગે સૂચનો બદલ માફી માંગવાનો ઇન્કાર

નવી દિલ્હી,તા. ૯

ભારે વિવાદ થયો હોવ છતાં ભાજપના રાજ્યસભાના સાંસદ રામ જેઠમલાણીએ ભગવાન રામને ખરાબ પતિ તરીકે ગણાવવા બદલ કોઈ પણ માફી માંગવાનો ઈન્કાર કરી દીધો છે. જેઠમલાણીના આ નિવેદનથી ગઈકાલથી જ ભારે હોબાળો મચી ગયો છે. એક ટીવી ચેનલ સાથેની વાતચીતમાં તેમણે કહ્યુ હતુ કે તેમનો ઈરાદો કોઈ પણ પાર્ટીને ઠેસ પહોંચાડવાનો નથી. તેઓ પોતાનો મત જાહેરમાં વ્યક્ત કરી રહ્યા છે. ભગવાન રામ અંગે ભૂલથી સૂચન થઈ ગયા છે કે કેમ તે અંગે પૂછવામાં આવતા જેઠમલાણીએ કહ્યુ હતુ કે કોઈ પણ ભૂલ થઈ નથી. જો આ દેશના લોકો તેમની બુદ્ધિશક્તિ ગુમાવે છે તો આના માટે તેઓ મદદ કરી શકે નહીં. ભગવાન રામ એકંદરે ઐતિહાસિક પાત્ર છે કે કેમ તેને લઈને તેઓ શંકા ધરાવે છે. ભાજપને આના લીધે તકલીફ થશે તે અંગે પૂછવામાં આવતા તેમણે ઉમેર્યુ હતુ કે ભાજપ કોઈ ધાર્મિક પાર્ટી નથી. હિન્દુઓના ધાર્મિક મામલાઓ પર તે અંકુશ ધરાવતી પાર્ટી નથી.

### લાગણીનો મેળો (પાના નં. ૪ નું ચાલુ)

કનક અને કાન્તામાં મોહાંધ બનેલો માણસ અસુર બને છે. તેથી બલિનો પરાભવ કરનાર ભગવાન વિષ્ણુએ કનક અને કાન્તા તરફ જોવાની વિશિષ્ટ દૃષ્ટિ આપતા બે દિવસો પ્રતિપદાની આસપાસ ગોઠવી ત્રણ દિવસનો ઉત્સવ મનાવવાનો આદેશ કર્યો. દિવાળીના દિવસે કનક એટલે લક્ષ્મી તરફ જોવાની પૂજ્ય દૃષ્ટિ કેળવવાની અને ભાઇબીજના દિવસે કાન્તા - સમસ્ત સ્ત્રીજાત તરફ મા કે બહેનની દૃષ્ટિએ જોવાનું શિક્ષણ લેવાનું. સ્ત્રીએ ભોગ્ય નથી કે ત્યાજ્ય પણ નથી પ...ણ... તે પૂજ્ય છે. માતૃદૃષ્ટિ આપનાર સંસ્કૃતિ જ વિકારો સામે સ્થૈર્ય જાળવવાની શક્તિ આપે છે.

દીવો એ જ્ઞાનનું પ્રતીક છે - દિલમાં દીવો કરવો એટલે ચોક્કસ પ્રકારની સમજણ પૂર્વક દિવાળીનો ઉત્સવ ઉજવવો... ધનતેરસે વિત્તને અનર્થ ન માનતાં જીવન સાર્થક્યની શક્તિ સમજી મહાલક્ષ્મીની પૂજા કરવાની, કાળી ચૌદસે જીવનમાં નરક સર્જનારા આળસ, પ્રમાદ, અસ્વચ્છતા, અનિષ્ટ જેવા નરકાસુરને મારવાના, બેસતા વર્ષે જૂનું વેરઝેર ભૂલી શત્રુનું પણ શુભચિંતન કરવાનું... શુભ સંકલ્પનો દિવસ... ભાઇબીજના દિવસે સ્ત્રી તરફ જોવાની ભદ્રદૃષ્ટિ કેળવવાની, ભાઇના નિર્વ્યાજ સ્નેહથી સમસ્ત સ્ત્રીજાતને બહેન તરીકે સ્વીકારવાની... આવી સમજણનો જ્ઞાન દીપક દિલમાં પ્રગટે તો આપણું જીવન સદૈવ દીપોત્સવીનો મહોત્સવ બની રહે.

બહારના દીવડાઓ સામે અંતરદીપ પ્રગટાવવાની આપણી યાત્રા શુભદાયી અને મંગલદાયી બને... આપણે સૌને સર્વ દિશાઓથી શુભ વિચારો પ્રાપ્ત થાય એવી ભાવોદ્રેકતા સહ આપનું વર્ષ પડકારને પહોંચી વળવાની શક્તિ સાથે નિરામય જીવન પ્રભુ બક્ષે...! આપણા પ્રયાસો કલ્યાણકારી નીવડે એવી અંતરની શુભકામનાઓ...!

-: સ્પર્શમણિ :-

જે દિલના દેવાલયને અજવાળે
અંતરના આકાશને ઉઘાડે
પ્રાણોને પ્રેમથી પલાળે
દેહના દીપને ઉજમાળે... એનું નામ દિવાળી...

### સંસ્કાર ચિંતન (પાના નં. ૪ નું ચાલુ)

ભારતીય સમાજમાં ફિલસુફી પાયામાં પડી છે નાનામાં નાનો માનવી પણ 'પ્રજ્ઞાવાંચશ્ચ ભાષતે' તેમ તર્ક કરતો રહે છે. ગ્રાહકને ઓછું જોખી આપનાર કે વધારે ભાવ લેનાર વેપારી પણ 'ભઇ આ જગતમાં શું લઇ જવાના છીએ... ખાલી હાથે આવ્યા છીએ ને ખાલી હાથે જવાના છીએ...' તેવી વાતો કરે છે. માગી ખાનાર સાધુ-બાવાઓ કર્મને ઉપદેશ આપતા ફરે છે. આત્મા અને પરમાત્માની વાતો તો ચોરે-ચૌટે ચર્ચાય છે. દિવસમાં દસ વાર દવા લઇ શરીરનું ધ્યાન રાખનાર પણ 'દેહ તો પાણીનો પરપોટો છે' તેવું ઉચ્ચારતાં હોય છે. ક્રિકેટના મેદાનમાં પગ પણ ન મુક્યો હોય તેવા યુવાનો જાણીતા ખેલાડીઓની ટીકા કરતા ફરે છે. સમાજના ઉત્પાત માટે મોટી મોટી યોજનાની માત્ર વાતો કરનાર પરત્વે અખો ભગત કહે છે કે,

'જો - જો રે મોટાના બોલ-ઉજ્જડ ટીંબે વાગ્યો ઢોલ'

ઉજ્જડ ટીંબો ઢોલ - વગાડનારા, પોતાની જાતને અતિ ડાહ્યા તથા જ્ઞાની માનનારા, સૌ પ્રજ્ઞાવાદી છે માત્ર પોથી પંડિતો છે. તેઓનું જ્ઞાન આચરણમાં ઊતર્યું નથી હોતું તેથી જ ન કરવાની વાતો કરતા ફરે છે. તત્ત્વને ન સમજનાર ને માત્ર વાતો માટે શ્રુતિમાં લખ્યું છે કે, 'ચાર-વેદનો અભ્યાસ કર્યા પછી જો સાધક આત્મા વિશે ન જાણે તો તેને દૂધપાકમાં પડેલા ચમચા (કડછી) જેવો માનવો. આપણે ત્યાં કવિ દયારામે પણ ગાયું છે. 'મુખ પર્યંત ભર્યું ઘૃત - તદ્‌પિ સ્વાદ ન જાણે બરણી' તેમ પ્રજ્ઞાવાદી અચલ સાર કે સ્વાદને પામતા નથી.

## ફ્યુઅલ રિટેલર્સને ૫.૫ અબજ ડૉલરની સબસીડી

નવી દિલ્હી,તા. ૯

સરકાર આગામી નાણાંકીય વર્ષના પ્રથમ છ મહિનાના ગાળામાં ફ્યુઅલ રિટેલર્સને ૫.૫ અબજ ડૉલરની ઓઈલ સબસીડીની ચૂકવણી કરશે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે સસ્તા સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલા રેટ ઉપર પેટ્રોલીયમ પેદાશો વેચવાની ફરજ પાડવા બદલ ફ્યુઅલ રિટેલરને ૩૦૦ અબજ રૂપિયાની ચૂકવણી કરવામાં આવનાર છે.

નાણાં મંત્રાલય દ્વારા કરવામાં આવનાર આ ચૂકવણી ઓઈલ મંત્રાલય દ્વારા માગવામાં આવેલી રકમ કરતા ૪૬ ટકા રકમ ઓછી છે. ૫૫૪ અબજ રૂપિયાની માંગ ઓઈલ મંત્રાલય દ્વારા કરવામાં આવી હતી જેની સામે ૩૦૦ અબજ રૂપિયાની ચૂકવણી કરવામાં આવનાર છે. સંસદીય મંજૂરી મળી ગયા બાદ આ નાણાંની ચૂકવણી કરવામાં આવશે. ત્રણ ફ્યુઅલ રિટેલર્સને નાણામંત્રાલય તરફથી આ સંબંધમાં પત્ર મળી ગયો છે.

દેશની સૌથી મોટી ફ્યુઅલ રિટેલર્સ કંપની આઈઓસીને ૧૬૧ અબજ રૂપિયાની સરકારી સબસીડી મળશે જ્યારે એચપીસીએલ અને બીપીસીએલને ક્રમશ ૬૬.૭ અબજ રૂપિયા અને ૭૨ અબજ રૂપિયાની ચૂકવણી કરવામાં આવશે. ગરીબોનું રક્ષણ કરવા અને તેમને રાહત આપવા માટે ગેસ, કેરોસીન અને ડીઝલની કિંમત સરકાર દ્વારા નક્કી કરવામાં આવે છે જેના કારણે ઈન્ડિયન ઓઈલ, ભારત પેટ્રોલિયમ અને હિંદુસ્તાન પેટ્રોલિયમને જંગી મહેસૂલી નુકસાન થયું છે. નાણામંત્રાલય ઓઈલ રિટેલર્સને રોકડ સબસીડીની ચૂકવણી કરે છે જ્યારે ઓઈલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન, ઓઈલ ઈન્ડિયા લિમિટેડ અને ગેલ ઈન્ડિયા છૂટછાટની કિંમતે ક્રૂડ ઓઈલ અને સંબંધિત પ્રોડક્ટનું વેચાણ કરે છે. ભારતે સપ્ટેમ્બરના મધ્યમાં ડીઝલની કિંમતમાં વધારો કર્યોહતો. એક વર્ષના લાંબાગાળા બાદ આ વધારો કરવામાં આવ્યો હતો. આવી જ રીતે દરેક પરિવારને વાર્ષિક સબસીડીવાળા છ ગેસ સિલિન્ડર આપવાનો પણ નિર્ણય કરવામાં આવ્યો હતો જેને લઈને ભારે વિરોધ થયો હતો. સબસીડીવાળા સિલિન્ડરોની સંખ્યામાં વધારો કરવાની માંગ થઈ રહી છે.

## તહેવારની સિઝનમાં હવે ટ્રેનો હાઉસફુલ

નવી દિલ્હી,તા. ૯

તહેવારની સિઝન બિલકુલ નજીક આવી પહોંચી છે ત્યારે ટ્રેનોની સ્થિતિ હાઉસફુલ દેખાઈ રહી છે. સામાન્ય લોકો પરિવાર સાથે પોતાના વતન અથવા તો અન્યત્ર જવા ટિકિટ બુક કરાવી રહ્યા છે પરંતુ ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. આ સમસ્યાને ઉકેલવા માટે રેલવે દ્વારા વધારાની ટ્રેનો દોડાવવામાં આવી હોવા છતાં તેની કોઈ અસર દેખાઈ રહી નથી. ટ્રેનોની હાલત ભરચક થઈ ગઈ છે. મળેલી માહિતી મુજબ લોકોને અત્યારથી જ ટિકિટો મળી રહી નથી.

આવી સ્થિતિમાં એજન્ટો પણ મોટા પાયે સક્રિય થઈ ગયા છે અને ઉંચી કિંમતે ઈચ્છુક લોકોને ટિકિટ આપવામાં આવી રહી છે. મુંબઈમાં રિઝર્વેશન કાઉન્ટર પર એક યાત્રીએ કહ્યુ છે કે બુકિંગ ક્લાર્કનું કહેવું છે કે મધ્યપ્રદેશ તરફ જતી ટ્રેનમાં એક પણ બર્થ ઉપલબ્ધ નથી પરંતુ યાત્રીઓ જ્યારે એજન્ટ પાસે જાય છે ત્યારે તે કહે છે કે કન્ફોર્મ ટિકિટ માટેનો ખર્ચ ૧૫૦૦ રૂપિયા થશે. જ્યારે સામાન્ય કિંમત ૪૮૦ રૂપિયા હોય છે. આનો મતલબ એ થયો કે અનેકગણી કિંમત એજન્ટો દ્વારા લેવામાં આવે છે.